# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-08-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

- ✓ સર્વોચ્ચ અદાલતે કોલકાતા દુષ્કર્મ-હત્યા કેસની સુનાવણી કરતા પશ્ચિમ બંગાળ સરકારને ફટકાર લગાવી અને તબીબોને હડતાળ સમેટવા આદેશ કર્યો
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી વચ્ચે નવી દિલ્હીમાં દ્વીપક્ષી બેઠક બાદ વિવિધ કરારો પર હસ્તાક્ષર કરાયા.
- ✓ જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું
- ✓ બાંગ્લાદેશમાં કથિત નરસંહાર અને માનવતા વિરુદ્ધ અપરાધોના આરોપસર શેખ હસીના સહિત 27 નેતા સામે ફરિયાદ નોંધાઇ,
- ✓ અને આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ, પૂર્વીય અને મધ્ય ભાગોમાં ભારે વરસાદની આગાહી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SC- KOLKATA MURDER CASE

સર્વોચ્ચ અદાલતે આજે કોલકાતામાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ-હત્યા કેસ અંગે સુનાવણી કરતા પશ્ચિમ બંગાળ સરકારને ફટકાર લગાવી છે અને તબીબોને હડતાળ સમેટવા આદેશ કર્યો છે. ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયાધીશ, જે. બી.

પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠે, આ મામલે આર.જી. કર મેડિકલ હૉસ્પિટલમાં કરાયેલી તોડફોડ અંગે રાજ્ય સરકારને 22 ઑગસ્ટ સુધી અહેવાલ સુપરત કરવા આદેશ કર્યો છે. સર્વોચ્ચ અદાલતે આ મામલે મોડી દાખલ થયેલી પોલીસ ફરિયાદ અંગે પણ સવાલ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે સ્વીકાર્યું કે તબીબો અને સંગઠનોને શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શિત કરવાનો આધિકાર છે. મુખ્ય ન્યાયમૂર્તિએ તબીબોની સુરક્ષા માટે 14 સભ્યોના રાષ્ટ્રીય કાર્ય દળની રચના કરવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે સર્વોચ્ચ અદાલતે આ મામલે નોંધ લેતા સુનાવણી કરવાનું નક્કી કર્યું હતું. કોલકાતાની વડી અદાલત આ મામલે પહેલાથી સુનાવણી કરી રહી છે, અદાલતે આ કેસ સીબીઆઈને સોંપવાનો આદેશ કર્યો હતો.

# GOVT HOSPITALS LETTER

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ સરકારી હૉસ્પિટલ અને સંસ્થાનોના વડાઓને પત્ર લખી સુરક્ષા વધારવા કહ્યું છે. પત્રમાં મંત્રાલયે આવવા-જવાના દરવાજા તથા સંવેદનશીલ વિસ્તાર સહિત મુખ્ય સ્થાન પર પૂરતી સંખ્યામાં CCTV કેમેરા લગાવવા નિર્દેશ આપ્યા છે.

ઇમરજન્સી આપાત સ્થિતિમાં તાત્કાલિક પગલાં માટે એક નિયંત્રણ કક્ષ પણ બનાવવા મંત્રાલયે કહ્યું છે. વધુમાં યોગ્ય દેખરેખ માટે હૉસ્પિટલ પરિસરમાં દેખરેખ માટે પૂરતી સંખ્યામાં તાલીમબદ્ધ સુરક્ષાકર્મીઓને તહેનાત કરવા જણાવાયું છે.

તમામ હૉસ્પિટલને પરિસરમાં આરોગ્ય સેવાકર્મીઓ વિરુદ્ધ હિંસા રોકવા માટે રાજ્યોને સજાની જોગવાઈ કરવા પણ મંત્રાલયે જણાવ્યું છે. તેમ જ મંત્રાલયે જણાવ્યું, તબીબ, નર્સ અને વહીવટી કર્મચારી સહિત હૉસ્પિટલના તમામ કર્મચારીઓને જોખમને પહોંચી વળવા માટે તાલીમ આપવી જોઈએ. ઉપરાંત

મંત્રાલયે વિવિધ પ્રકારની ઇમરજન્સી સ્થિતિઓને પહોંચી વળવા માટે વ્યાપક યોજના તૈયાર કરવાની પણ સલાહ આપી છે.

# JHARKHAND- DOCTORS STRIKE

ઝારખંડમાં, કોલકાતામાં તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં જુનિયર ડૉક્ટરોની અનિશ્ચિત હડતાળને કારણે રાજ્યભરની તબીબી સેવાઓને અસર થઈ છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે અત્યાર સુધીમાં દસ હજારથી વધુ દર્દીઓ યોગ્ય સારવારથી વંચિત રહ્યા છે. રાજેન્દ્ર ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ (RIMS), રાંચીમાં ડોકટરો હડતાળ પર હોવાથી દાખલ કરાયેલા ચારસોથી વધુ દર્દીઓએ હોસ્પિટલ ખાલી કરી રહ્યા છે તો સાથોસાથ ઓપીડી સેવાઓ પણ બંધ હોવાથી દરરોજ સંખ્યાબંધ દર્દીઓ પરત ફરી રહ્યા છે.

દરમિયાન ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ઝારખંડ ચેપ્ટરના સેક્રેટરી પ્રદીપ કુમાર સિંહે જણાવ્યું હતું કે તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી અનિશ્ચિત મુદતની હડતાળ ચાલુ રહેશે.

# MALAYSIA-CEREMONIAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ વચ્ચે દ્વિપક્ષીય બેઠક બાદ વિવિધ કરારો પર હસ્તાક્ષરો કરાયા છે. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બની રહ્યા છે અને દ્વિપક્ષીય વેપારમાં પણ વધારો થઇ રહ્યો છે.

આ પૂર્વે સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે મલેશિયા ભારતની ‘એક્ટ ઇસ્ટ પોલિસી’નો મહત્વનો સ્તંભ તેમજ મૂલ્યવાન ભાગીદાર છે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે પણ તેમની સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે લખ્યું છે કે, તેઓ

બંને દેશો વચ્ચેની ભાગીદારીને નવી ઉંચાઈએ લઈ જવા માટે તેમના માર્ગદર્શનને મહત્વ આપે છે.

અનવર ઇબ્રાહિમ ગઈકાલે ભારતના ત્રણ દિવસના પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી તરીકે આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે.

# GOYAL CEOFORUM

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે ભારત અને મલેશિયા વચ્ચે વ્યાપારી સંબંધને વધારવાના મહત્વ પર ભાર મૂક્યો છે. નવી દિલ્હી ખાતે ભારત-મલેશિયા મુખ્ય કાર્યકારી અધિકારી મંચની બેઠક દરમિયાન શ્રી ગોયલે બંને દેશ વચ્ચે વ્યાપારી સંબંધને પ્રોત્સાહન આપવા તેમજ સહકારને વધારવા વિવિધ તકનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી ગોયલે શિક્ષણ, આરોગ્ય, આંતરમાળખા, પ્રવાસન, ડિજિટલ અર્થવ્યવસ્થા, ઇ-કૉમર્સ અને સ્વચ્છતા તથા ઊર્જા સહિત અનેક ક્ષેત્રમાં ઉપલબ્ધ અનેક તકને શોધવા માટે મલેશિયાની કંપનીઓને પ્રોત્સાહિત કરી હતી. શ્રી ગોયલે બંને દેશ વચ્ચે ભાગીદારીને વધુ સશક્ત કરવા સહિયારા પ્રયાસના મહત્વ પરપણ ભાર મૂક્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# J&K – NOTIFICATION

કેન્દ્રીય ચૂંટણી પંચે જમ્મૂ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનું  જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. આ તબક્કામાં પુલવામા, અનંતનાગ, શોપિયાં,

કુલગામ, રામબન, કિશ્તવર અને ડોડા સહિતના 24 જેટલા જિલ્લાઓમાં 18 સપ્ટેમ્બરના રોજ મતદાન થશે. જાહેરનામા પ્રમાણે આ બેઠકો માટે 27 ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે, જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણી બીજા દિવસે એટલે કે 28 ઑગસ્ટના રોજ થશે. ચૂંટણી પંચે ઉમેદવારી પત્ર પરત લેવાની તારીખ 30 ઑગસ્ટ નક્કી કરી છે.

કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટેની અંતિમ મતદાર યાદી આજે જાહેર કરાય તેવી શક્યતા છે. જેમાં મતદારોની સંખ્યા અંદાજે 90 લાખ હોવાની ધારણા છે. સીમાંકનની કવાયત અને વિધાનસભા બેઠકોની સંખ્યા 83થી વધીને 90 થવાને કારણે અનેક વિધાનસભા મતવિસ્તારોની સરહદો બદલવામાં આવી છે, જેને જોતા આ વખતે મતદાર યાદી અને મતાદારોની વિગતોનું વિશેષ મહત્વ રહેશે.

## INDIA JAPAN MEET

ભારત અને જાપાનના મંત્રીઓ તેમજ પ્રતિનિધિઓ આજે નવીદિલ્હીમાં દ્વિપક્ષીય સંવાદ કરશે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, જાપાનના સંરક્ષણ મંત્રી કિહારા મિનોરુ અને વિદેશ મંત્રી યોકો કામાકાવા આ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકમાં મંત્રીઓ દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા તેમજ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા માટે નવી તકો અંગે ચર્ચા કરશે.

## BANGLADESH - SHEIKH HASINA

બાંગ્લાદેશમાં કથિત નરસંહાર અને માનવતા વિરુદ્ધ અપરાધોના આરોપસર પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસિના સહિત 27 નેતાઓ સામે આંતરરાષ્ટ્રીય ગુનાખોરી ન્યાયપંચ સમક્ષ ફરિયાદ દાખલ કરાઈ છે.

શેખ હસિના ઉપરાંત બાંગ્લાદેશના પૂર્વ મંત્રીઓ ઓબૈદુલ કુવાદર, રાશીદ ખાન મોમેન અને હસનુલ હલ ઇનુ સહિતના વધુ કેટલાંક નેતાઓ તેમજ અજાણ્યા 500 લોકો સામે આ ફરિયાદ દાખલ કરાઈ છે. ફરિયાદીએ ન્યાયપંચ સમક્ષ ફરિયાદ

સાથે જુદા જુદા અખબારો તેમજ અન્ય દસ્તાવેજોના બીડાણ રજૂ કર્યા છે. આ ફરિયાદમાં આંતરરાષ્ટ્રીય ગુનાઓ (ટ્રિબ્યુનલ્સ) એક્ટ, 1973ની વિવિધ કલમો હેઠળ નરસંહાર અને માનવતા વિરુદ્ધ અપરાધ સહિતના આરોપ મૂકવામાં આવ્યા છે..

# IMD-RAIN

હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ, પૂર્વીય અને કેન્દ્રીય ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર જમ્મૂ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશમાં શુક્રવાર સુધીમાં ભારે વરસાદ પડી શકે છે. બાંગ્લાદેશની ઉપર વરસાદી સિસ્ટમ બનેલી છે, જેને કારણે બાંગ્લાદેશ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં આગામી ચોવીસ કલાકમાં ભારે વરસાદની શક્યતા છે. આ અસરથી તટિય પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર અને મધ્ય પ્રદેશમાં વરસાદ વરસી શકે છે.

# LIBERIA VP - INDIA VISIT

લાઈબેરિયાના ઉપરાષ્ટ્રપતિ જેરેમિયા કપાન કોન્ગ 19મા C.I.I. ભારત-આફ્રિકા વેપારી સંમેલનમાં ભાગ લેવા ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, લાઈબેરિયાના ઉપરાષ્ટ્રપતિના ભારત પ્રવાસથી બંને દેશ વચ્ચેના સંબંધ વધુ સુદ્રઢ થશે. તેમણે ઉપરાષ્ટ્રપતિ જેરેમિયા કપાન કોન્ગનું સ્વાગત કરતાં સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું કે, બંને દેશ વચ્ચેના સંબંધોને આગળ વધારવા આ મહત્વપૂર્ણ તક છે.

લાઈબેરિયાએ સંયુક્ત રાષ્ટ્રના વિવિધ સંગઠનમાં ભારતની ઉમેદવારીનું સમર્થન કર્યું છે. 22 ઑગસ્ટ સુધી ચાલનારા આ સંમેલનનો ઉદ્દેશ્ય આફ્રિકાના વિકાસ માટે બંને દેશની ભાગીદારીને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનો છે.

# RBI GUIDELINE

ભારતીય રિઝર્વ બૅંકે નાણાકીય ગેરરીતિઓને રોકવા અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા હેતુથી નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. નવા નિયમો તાત્કાલિક અસરથી P2P પ્લેટફોર્મને ધિરાણ જોખમોના અનુમાન, ધિરાણ સંવર્ધનની રજૂઆત અથવા બાહેંધરીથી પ્રતિબંધિત કરે છે. જે નાણાકીય વ્યવહારોમાં મુદ્દલ અને વ્યાજ અથવા બંનેના સંપૂર્ણ નુકસાનની જવાબદારી ધિરાણકર્તાની હોવાનું સુનિશ્ચિત કરે છે.

અગાઉ આ પ્લેટફોર્મ પારંપરિક બૅંકિગ ચેનલોને હાસિંયાકૃત કરીને, વ્યક્તિગત ધિરાણકર્તાઓને સીધા લોનધારકો સાથે જોડતા હતા. જોકે નવા માળખા અંતર્ગત આ પ્લેટફોર્મ દ્વારા ધિરાણ વધારો કે બાહેંધરી સંબંધી વીમા ઉત્પાદનોના ક્રોસ સેલિંગ પર પણ રોક લગાવવામાં આવી છે.